| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૩/૦૯/૨૦૨૫ | | |
| રજીસ્ટર તારીખ | ૦૩/૦૯/૨૦૨૫ | | |
| નિકાલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૬ | ૧૫ |
| આંક | ૦૭ | | |

**રાજકોટના મહે. છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. રાજકોટ.**

**ફોજદારી રીવીઝન.અરજી નં. ૨૭૧/૨૦૨૫**

**અરજદાર/ મુળ આરોપીઓ**

૧) **મીતરાજસીહ શૈલેન્દ્રસીહ ગોહીલ,**
ઉ.વ. ૩૩, ધંધો વેપાર,
રહે. નીલસીટી બંગ્લોઝ નં. ૧૨, નીલ્સ બંગલો,
યુની. રોડ, રાજકોટ.

૨) **અર્જુનસિંહ દિગ્વીજયસિંહ જાદવ,**
ઉ.વ. ૩૦, ધંધો વેપાર,
રહે. ૧૫૦ ફુટ રીગ રોડ, એચ.જી.સી હોસ્પીટલની બાજુમાં,
આસ્થા એવન્યુ બ્લોક નં. ૧૨૯, રાજકોટ.

૩) **પરાગ ઉર્ફે પપ્પુ જયસુખલાલ શીંગાળા,**
ઉ.વ. ૪૮, ધંધો વેપાર,
રહે. શ્રીનાથજી નીવાસ મકાન, ૧૦, ધી કાંટા રોડ,
શેરી નં. ૧૦, રાજકોટ.

૪) **વીરેન્દ્ર કથુભાઈ કોટીલા,**
ઉ.વ. ૨૭, ધંધો પ્રાઈવેટ નોકરી,
રહે. ૧૫૦ ફુટ રીગ રોડ, ઓમનગર સર્કલ, ૪૦ ફુટ રોડ,
સુર્યકૃપા, રાજકોટ.

**<u>વિરુધ્ધ</u>**

**સામાવાળા:-** **શ્રી સરકાર,**
(મુળ ફરિયાદી)

**બાબત: – બી.એન.એસ.એસ.ની કલમ–૪૪૨ મુજબ આઈ.પી.સી. કલમ–૩૯૪ પુરતા ડિસ્ચાર્જ કરવા અંગે નામ. ટ્રાયલ અદાલતે આંક–૫૩ થી કરેલ હુકમ સામે રીવીઝન અરજી.**

---

| | |
|---|---|
| અરજદાર તરફે | : વિ. વ.શ્રી પી.એમ.શાહ |
| સામાવાળા તરફે | : વિ.એ.પી.પી.શ્રી ટી.એસ.માથુર |

---

**–: જજમેન્ટ:–**

૧. અરજીની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, આ કામના અરજદારો/મુળ આરોપીઓ વિરૂદ્ધ સામાવાળા /સરકારશ્રી દ્વારા ફોજદારી કેસ નં. ૧૧૦૬૬/૨૦૨૩ થી નીચેની કોર્ટમાં આઈ.પી.સી. કલમ–૩૯૪, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો કેસ દાખલ કરેલ જે કેસમાં અરજદારો/મુળ આરોપીઓએ આંક–૫૩ થી સી.આર.પી.સી. કલમ–૨૩૯ મુજબ આઈ.પી.સી. કલમ–૩૯૪ પુરતા ડિસ્ચાર્જ કરવા અરજી કરેલ જે અરજી નામ . ટ્રાયલ કોર્ટે તા. ૩૧/૦૭/૨૦૨૫ ના રોજ નામંજુર કરતો હુકમ કરેલ, તે હુકમ થી નારાજ થઇ હાલની આ રીવીઝન અરજી દાખલ કરેલ છે.

૨. આ કામે સમાવાળાને નોટીસ કાઢતાં સામાવાળા–સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી ટી.એસ.માથુર હાજર થયેલા છે. આ કામે સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી ટી.એસ.માથુર હાજર થયેલ છે. બન્ને પક્ષોની દલીલો સાંભળી.

3. હાલના કામે અરજદાર તરફે વિ.વ.શ્રી પી.એમ.શાહનાઓએ પોતાની અરજી તેમજ મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, આંક–૫૩ ના હુકમ સામે રીવીઝન અરજી દાખલ કરેલ છે. વધુમાં તેઓએ પોતાની અરજી તેમજ દલીલોમાં જણાવેલ છે કે, ટ્રાયલ અદાલતે દસ્તાવેજી પુરાવા તેમજ દલીલો ધ્યાનમાં લીધા વગર જે હુકમ કરેલ છે તે રદ થવાને પાત્ર છે. વધુમાં રજુઆત કરેલ છે કે, નામદાર ટ્રાયલ અદાલતે પોતાના હુકમમાં ફરીયાદીએ તા. ૧૮/૦૪/૨૩ ના રોજ પોલીસ રૂબરૂની ફરીયાદમાં મારી ઘડીયાળ તથા મારો

ચેન તથા પૈસા આ લોકો લઈ ગયેલ છે અને મારી ધડીયાળ ના ભાગે ફટકો વાગવાથી તુટીને પડી ગયેલ હતી અને તે જગ્યાએ મારો સામાન મને મળી આવેલ નહી જેથી આ લોકો મારો સામાન લઈ ગયા હશે તેવુ મને ચોકકસ પણે મને જણાઈ આવેલુ ત્યારબાદ ફરીયાદીનુ તા. ૨૧/૦૪/૨૩ ના રોજ વીશેષ નીવેદન લેવામાં આવેલ છે તેમાં ફરીયાદી પોતાની ફરીયાદની વીરૂધ્ધની હકિકત જણાવે છે આ વખતે પરાગભાઈ ત્યાં આવી ગયેલા અને કહેલ કે કાનાભાઈ ના પૈસા તારે દેવા પડશે તેમ કહી ગાળ બોલેલ આ વખતે મીતરાજભાઈએ મને કહેલ કે, તારા ગળામાં ચેઈન તથા ખીસ્સામાં રોકડ રકમ પડેલ છે તે આપી દે તેમ કહેતા તે ચેઈન તથા ખીસ્સામાં પડેલ રોકડા રૂ૦ ૧,૫૫,૦૦૦/– હતા તે આપી દીધેલા આવુ વિરોધાભાસી નીવેદન હોવા છતાં નામદાર ટ્રાયલ અદાલતે પોતાના હુકમમાં ચેન અને રોકડા રૂપીયા આરોપીને આપેલાનુ પ્રાઈમાફેસી જણાઈ આવે છે. આવુ માની ને હુકમ કરેલ હોય હુકમ રદ થવાનેપાત્ર છે બંને નીવેદનમાં વીરોધાભાસ છે તેવુ રેકર્ડ ઉપર હોવા છતાં બંને નીવેદન નુ હાલના તબ્બકે મુલ્યાંકન કરવાનુ નથી તેવુ માનીને રદ કરતો હુકમ કરેલ હોય હુકમ રદ થવાને પાત્ર છે. વધુમાં સદરહુ કામમાં ચાર્જશીટ જોવામાં આવે તો આઈ.પી.સી કલમ – ૩૯૪ લગાડવામાં આવેલ છે, તેની વ્યાખ્યા જોવામાં આવે તો, લુંટ કરતા અથવા લુંટ કરવાની કોશષ કરતા કોઈ વ્યકિત સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે તો, અને તેની સાથે લુંટ કરવામાં અથવા લુંટ કરવાની કોશીષ કરવામાં સંડોવાયેલી અન્ય વ્યકિંત આવી સ્પષ્ટ વ્યાખ્યા આપવમા આવેલ છે . સદરહુ કામમાં ફરીયાદી પોતાની તા. ૧૮/૦૪/૨૩ ફરીયાદ માં તથા તા. ૨૧/૦૪/૨૩ ના રોજ વીશેષ નીવેદન માં તેમજ તા. ૧૭/૪/૨૩ ના રોજ ડો. હેમાંગભાઈ વસાવડા પાસે દાખલ થાય છે ત્યાં પેશન્ટ પોતે હીસ્ટ્રી આપે છે ત્યારે કોઈ લુંટની હકિકત જણાવેલ નથી તેમજ ડાયરેકટર ઓફ ફોરેન્સીક સાયન્સ નો તા. ૧૮/૦૪/૨૩ નો સ્થળ પરીક્ષણ અહેવાલ જોવામાં આવે તો ફરિયાદીના ગળામાં પહેરેલ સોનાનો ચેન, કાંડા ઘડીયાળ, રોકડા રૂપીયા વીગેરે ચોરી કરેલ હોઈ તેમાં કોઈ આરોપીઓના નામ કે વર્ણન કહેવામાં આવેલ નથી. આમ, તમામ માં વિરોધાભાસ હોય તેવી દલીલ કરેલ હોવા છતાં રદ કરતો હુકમ કરેલ હોય હુકમ રદ થવાને પાત્ર છે. નામદાર ટ્રાયલ અદાલતમાં રજુઆત કરી અને જણાવેલ કે, આ કામમાં ફરીયાદીએ ગુનાને ગંભીર

બનાવવા ખોટા આક્ષેપો કરેલ અને આક્ષેપો ના આધારે પોલીસે આઈ.પી.સી કલમ–૩૯૪ જેવી ગંભીર કલમો લગાડી અને આરોપીઓની ધરપકડ કરેલ અને ત્યારબાદ સમગ્ર તપાસ દરમ્યાન ફરીયાદીએ જે આક્ષેપો કરેલ છે તેને સમર્થન આપતો કોઈ પુરાવો ચાર્જશીટમાં જોવા મળતો નથી આવી દલીલ કરેલ હોવા છતાં નહી માની રદ કરતો હુકમ કરેલ હોય હુકમ રદ થવાને પાત્ર છે. નામદાર ટ્રાયલ અદાલતમાં રજુઆત કરી અને જણાવેલ કે, આ કામમાં પોલીસ દ્વારા જે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે તે જોતા ફરીયાદીએ તેમની ફરીયાદમાં ગળામાં પહેરેલ સોના નો ચેન કિંમત રૂ૦ ૧,૨૦,૦૦૦/– આશરે તથા કાંડા ઘડીયાળ રૂ૦ ૬૦,૦૦૦/– આશરે તથા રોકડ રૂ૦ ૧,૫૫,૦૦૦/– એમ મળીને કુલ રૂ૦ ૩,૩૫,૦૦૦/– ની લુંટ કરેલાનો આક્ષેપ છે. જે જોવામાં આવે તો પણ તે શંકાસ્પદ છે આવી દલીલ કરેલ હોવા છતાં રદ કરતો હુકમ કરેલ હોય હુકમ રદ થવાને પાત્ર છે. નામદાર ટ્રાયલ અદાલતમાં રજુઆત કરી અને જણાવેલ કે, સમગ્ર બનાવ જોવામાં આવે તો જાહેર રોડ ઉપર સાંજના ૬ સમયે નો બનાવ છે આ કામમાં કોઈ સી.સી.ટી.વી. કુટેજ પોલીસ દ્વારા રજુ કરવામાં આવેલ નથી આવી દલીલ કરેલ હોવા છતાં હુકમમાં ઉલ્લેખ સુધ્ધા નહી કરી ને રદ કરતો હુકમ કરેલ હોય હુકમ રદ થવાને પાત્ર છે. વધુમાં સદરહુ કામમાં સમગ્ર પોલીસ પેપર્સ જોતા આ કામના ફરીયાદીએ સોનાનો ચેન પહેરેલ હોય કે કાંડા ઘડીયાળ હોય કે ફરીયાદી પાસે આવડી મોટી રોકડ રકમ હોય તેવો કોઈ પુરાવો સમગ્ર ફરીયાદમાં કે ચાર્જશીટના પેપર્સમાં રજુ કરવામાં આવેલ નથી કે પોલીસ દ્વારા તેની કોઈ તપાસ કરી ચાર્જશીટમાં રજુ કરવામાં આવેલ નથી આવી દલીલ કરેલ હોવા છતાં હુકમ માં ઉલ્લેખ સુધ્ધાં નહી કરી ને રદ કરતો હુકમ કરેલ હોય હુકમ રદ થવાને પાત્ર છે. વધુમાં ફરીયાદીએ સોનાના ચેનના કે કાંડા ઘડીયાળના કોઈ બીલ કે પુરાવાઓ આ કામમાં રજુ કરેલ નથી કે આ કામના ફરીયાદીએ તેઓની પાસે રોકડ રૂ૦ ૧,૫૫,૦૦૦/– કયાંથી આવ્યા, કોણે આપ્યા તેઓની પાસે હતા તે બાબતનો કોઈ પુરાવો સમગ્ર ચાર્જશીટના પેપર્સમાં જોવા મળતો નથી કે પોલીસ દ્વારા તેની કોઈ તપાસ કરી ચાર્જશીટમાં રજુ કરવામાં આવેલ નથી આવી દલીલ કરેલ હોવા છતાં હુકમમાં ઉલ્લેખ સુધ્ધાં કરેલ નથી. વધુમાં સદરહુ કામમાં પોલીસ દ્વારા તા. ૧૮/૦૪/૨૪ ના રોજ બનાવવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ છે,

ત્યારબાદ તા. ૧૯/૦૪/૨૪ ના રોજ આરોપી પરાગભાઈ શીંગાળા નુ અટક પંચનામું કરવામાં આવેલ છે, ત્યારબાદ તા. ૨૦/૦૪/૨૪ ના રોજ આરોપી મીતરાજસીહ, અર્જુનસીહ, વીરેન્દ્ર નું અટક પંચનામું કરવામાં આવેલ છે, ત્યારબાદ પોલીસ દ્વારા ૨૧/૦૪/૨૪ ના રોજ ડીસ્કવરી પંચનામું કરવામાં આવેલ છે જે સમગ્ર પંચનામા જોવામાં આવે તો લુંટ થયેલ હોય તેવો કોઈ લેશમાત્ર પુરાવો જોવા મળતો નથી આવી દલીલ કરેલ હોવા છતાં હુકમમાં ઉલ્લેખ સુધ્ધાં કરેલ નથી. ઉપરોક્ત હકીકતો ધ્યાને લઈ વિ. ટ્રાયલ કોર્ટે આંક-૫૩ ની અરજી હેઠળ કરેલ હુકમ ગેરકાયદેસરનો હોય રદ કરી અરજદારો સામે આઈ.પી.સી. કલમ-૩૯૪ મુજબનો ચાર્જ થઈ શકે તેવો પુરાવો ન હોય અરજદારોને આઈ.પી.સી. કલમ-૩૯૪ પુરતા ડિસ્ચાર્જ કરી નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

**૪.** સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી માથુર દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, ટ્રાયલ કોર્ટનો હુકમ યોગ્ય છે. ફરિયાદપક્ષનો પુરાવો શરૂ થયેલ નથી. એફ.આઈ.આર.માં પહેલાથીજ ઈ.પી.કોડ કલમ-૩૯૪ લગાડવામાં આવેલ છે. ફરિયાદી તેમજ સાહેદોના નિવેદનમાં પણ આ હકીકત બહાર આવે છે. જેથી રીવીઝન અરજી નામંજૂર કરવા જણાવેલ છે.

**૫.** હાલની રીવીઝન અરજીના નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા કાઢવામાં આવે છે:

**::મુદ્દાઓ::**

૧: શું અરજદારો સાબિત કરે છે કે, રાજકોટના વિ.જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ(મ્યુનિ.)શ્રી નાઓએ ક્રિમી.કેસ નં. ૧૧૦૬૬/૨૦૨૩ ના કામે તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ આંક-૫૩ ની આઈ.પી.સી. કલમ-૩૯૪ પુરતા આરોપીઓને ડિસ્ચાર્જ કરવા અંગેની અરજી લગત કરેલ હુકમ ખોટો, ભુલ કરેલો, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરુધ્ધનો હોઇ હસ્તક્ષેપને પાત્ર છે?

૨: શું હુકમ?

## //કા ર ણો//

**<u>મુદ્દા નંબર–૧</u>**

**૬.** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૯૭ મુજબ અત્રેની અદાલતને જે સત્તા છે તે મુનસફીની સત્તા છે. આ સત્તાનો ઉપયોગ અદાલતે એપેલેટ કોર્ટ જે રીતે અપીલના કામે પુરાવાઓનું મુલ્યાંકન કરવા માટે કરી શકે તે રીતે વાપરી શકે નહિ. રીવીઝન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે માત્ર એટલી જ હકીકતો જોવાની રહે કે વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ મુલ્યાંકન તે યોગ્ય છે કે કેમ? જો વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ મુલ્યાંકન વિપરીત પ્રકારનું હોય તો જ તેમાં હસ્તક્ષેપ થઈ શકે.

**૭.** હાલની રીવીઝન અરજીના કામે આરોપીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ ડિસ્ચાર્જ અરજી કરેલી જે ડિસ્ચાર્જ અરજી નામંજૂર કરવામાં આવેલી. ટ્રાયલ અદાલતે પોતાના હુકમમાં જણાવેલ છે કે, ફરિયાદીના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, આરોપીઓએ માર મારી સોનાનો ચોઈન તથા કાંડા ઘડીયાળ તથા રોકડા રૂપિયાની લુંટ કરી ભાગી ગયેલા હતા. આ કામે સૌપ્રથમ ફરિયાદીએ આપેલ ફરિયાદ જોવામાં આવે તો તેઓએ તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ ફરિયાદ આપેલ છે. ફરિયાદ નામ જોગ આપેલ છે. ફરિયાદી આરોપીઓને અગાઉથી ઓળખે છે. બનાવ જે બનેલ છે તે પૈસાની લેતી દેતી બાબતેનો બનાવ બનેલ છે. બનાવ તા. ૧૭/૦૪/૨૦૨૩ ના સાંજના ૦૬–૦૦ વાગ્યે બનેલ છે. જેમાં ફરિયાદીએ પોતે જ પોતાની ફરિયાદમાં જણાવેલ છે કે, “આ લોકો મને મારતા હતા ત્યારે મારા કાંડામાં પહેરેલ ઘડીયાળ જે રીયલ ડાયમન્ડની હતી તે પડી ગયેલ અને સોનાનો ચેઈન ગળામાંથી નીકળી ગયેલો હતો તથા મારા ખીસ્સામાં મારા ધંધાના રોકડા રૂપિયા ૧,૫૫,૦૦૦/– હતા જે કોઈએ કાઢી લીધેલ છે કે પડી ગયેલ છે તેની મને ખબર નથી.” ત્યારબાદ ફરિયાદમાં વધુમાં આગળ ફરિયાદીએ જણાવેલ છે કે, "મારા મિત્ર કેતનભાઈ અમારાથી થોડા આગળ જતા રહેલા હતા અને મારી ઘડીયાળ તથા મારો ચેઈન તથા મારા પૈસા આ લોકો લઈ ગયેલ છે અને મારી ઘડીયાળના ભાગે ફટકો વાગવાથી ટુટીને પડી ગયેલ હતી અને તે જગ્યાએ મને મારો સામાન મળી આવેલ નહીં. જેથી આ લોકો મારો સામાન લઈ ગયેલ હશે તેવું મને ચોક્કસપણે જણાઈ આવેલ હતુ.”

ત્યારબાદ ફરિયાદીનું તા.૨૧/૦૪/૨૦૨૩ ના રોજ વિશેશ નિવેદન લેવામાં આવેલ છે જેમાં ફરિયાદીએ જણાવેલ છે કે, આ વખતે મીતરાજભાઈએ મને કહેલ કે, તારા ગળામાં ચેઈન તથા ખીસ્સામાં રોકડા રૂપીયા પડેલ છે તે આપી દે. તેમ કહેતા મેં ચેઈન તથા ખીસ્સામાં રોકડા રૂપિયા ૧,૫૫,૦૦૦/- હતા તે આપી દીધેલ. આ રોકડા રૂપિયા મેં મીતરાજસિંહને આપેલ કે અર્જુનસિંહને આપેલ તે યાદ નથી. ત્યારપછી પરાગ ઉર્ફે પપ્પુએ હાથ ઉપર પાઈપ મારતા મને હાથમાં ચટકો લાગતા મેં મારા હાથમાં રીયલ ડાયમન્ડની ઘડીયાળ પહેરેલ હતી તે નીચે પડી ગયેલી. આ વખતે આ ઘડીયાળ આ ત્રણેય માંથી કોઈએ લઈ લીધેલ. આ વખતે મારી ઘડીયાળ કોણે લીધેલ તેની મને ખબર નથી.

ત્યારબાદ ફરિયાદીનું તા. ૦૩/૦૬/૨૦૨૩ ના રોજ ફરીથી નિવેદન લેવામાં આવેલુ જેમાં તેણે જણાવેલ છે કે, "શરીરે મુંઢ ઈજા કરી મારો સોનાનો ચેઈન તથા કાંડા ઘડીયાળ તથા રોકડ રૂપિયાની લુંટ કરી ભાગી ગયેલ હતા."

૮. આ કામે બનાવવાળી જગ્યાનું પંચનામુ જોવામાં આવે તો બનાવવાળી જગ્યાએથી કાંઈ કબજે કરવામાં આવેલ નથી. મેડીકલ સર્ટીફીકેટ જોવામાં આવે તો તેમાં તેમને લુંટ અંગેની કોઈ હકીકત જણાવેલ નથી. એફ.એસ.એલ. દ્વારા બીજા દિવસે સ્થળ પરિક્ષણ કરવામાં આવેલુ. આ વખતે પણ કાંઈ બનાવ સ્થળેથી મળી આવેલ નથી કે કબજે કરવા સુચન કરેલ નથી. આ કામે ફરિયાદી દ્વારા સોનાના ચેઈનનું તથા ઘડીયાળનું બીલ રજુ કરવામાં આવેલ નથી. રોકડની રકમ તેના ખીસ્સામાં હતી તે અંગેનો પણ કોઈ પુરાવો રજુ થયેલ નથી. આ કામે બનાવ વખતે પણ સાહેદ કેતનભાઈ અતુલભાઈ રોજાસરા હાજર હોવાનું જણાવેલ છે. તેમનું નિવેદન જોવામાં આવે તો પણ તેઓએ પોતાના નિવેદનમાં સોનાની ચેઈન, ઘડીયાળ કે રોકડ રકમ અંગે કાંઈ હકીકત જણાવતા નથી. તેઓએ પણ બનાવ સ્થળે જોતા ઘડીયાળ કે ચેઈન તેઓને જોવા મળેલી નહીં. ઘડીયાળ તુટી ગયેલાની હકીકતને પણ સમર્થન મળતુ નથી. આ સાહેદે જણાવેલ છે કે, ફરિયાદીએ આ ત્રણેય વસ્તુઓ પડી ગયેલાનું જણાવેલ છે. જે આ લોકો લઈ ગયેલાનું

કહેલ છે. જ્યારે ખુદ ફરિયાદી પોતાના ત્રણેય નિવેદનોમાં અલગ અલગ હકીકતો જણાવે છે.

૯. આમ, ફરિયાદીની ફરિયાદ તેમજ તેનું વિશેશ નિવેદન, બનાવ વખતે હાજર સાહેદ કેતનભાઈનું નિવેદન, બનાવવાળી જગ્યાનું પંચનામુ તેમજ સ્થળ પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતા આ કામે ફરિયાદીએ પોતાની ફરિયાદમાં તેમજ વિશેશ નિવેદનમાં દરેક વખતે અલગ અલગ હકીકત જણાવેલ છે. તેણે ફરિયાદ આપ્યા બાદ તા.૨૧/૦૪/૨૦૨૩ તેમજ તા. ૦૩/૦૬/૨૦૨૩ ના રોજ અલગ અલગ નિવેદન આપેલ છે. ફરિયાદીએ કોઈ બીલો રજુ કરેલા નથી. બનાવ વખતે ખરેખર તેની પાસે સોનાની ચેઈન, ઘડીયાળ તેમજ રોકડ રકમ હતી કે કેમ તે તપાસ દરમ્યાન બહાર આવેલ નથી. ખુદ ફરિયાદી ક્યારેક આ ત્રણ વસ્તુઓ પડી ગયેલાનું જણાવે છે. ક્યારેક લઈ ગયેલાનું જણાવે છે. ક્યારેક તુટી ગયેલાનું જણાવે છે જ્યારે ક્યારેક લુંટીને ભાગી ગયેલાની હકીકત જણાવે છે, તેવા સંજોગોમાં પ્રથમદર્શનીય રીતે ઈ.પી.કોડ કલમ-૩૯૪ સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતા બનતી ન હોય ટ્રાયલ કોર્ટ માત્ર લાંબા સમય બાદ ફરિયાદીએ આપેલ વિશેશ નિવેદન જ ધ્યાને લીધેલ છે, તે સિવાય અન્ય કોઈ હકીકત ધ્યાને લીધેલ નથી. ખરેખર આ બનાવ પૈસાની લેતી દેતીનો હતો અને તેના માટે મારામારી થયેલ છે. જ્યારે ઈ.પી.કોડ કલમ-૩૯૪ પાછળથી ખોટીરીતે લગાડેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. તેવા સંજોગોમાં ટ્રાયલ અદાલતનો હુકમ ધ્યાને લેતા ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ વિ. ટ્રાયલ કોર્ટે અરજદાર/આરોપીની આંક-૫૩ ની અરજી નામંજૂર કરતો જે હુકમ કરેલ છે તે હુકમ કાયદા તથા હકીકતની દ્રષ્ટિએ યોગ્ય અને વ્યાજબી ન હોય તેમાં હસ્તક્ષેપ કરવાનું ઉચિત જણાઈ આવતુ હોય ઉપરોકત તમામ ચર્ચાના આધારે મુદ્દા નં. ૧ અન્વયેનો જવાબ "હકારમાં" ઠરાવું છું અને મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે::

**મુદ્દા નં.૧**- હકારમાં

**મુદ્દા નં.૨**- આખરી હુકમ મુજબ

**:: હુકમ ::**

૧. આથી અરજદાર/મુળ આરોપી તરફેની હાલની રીવીઝન અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

૨. રાજકોટના વિધ્વાન જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ (મ્યુનિ.) જજ નાઓએ ફોજદારી કેસ નં. ૧૧૦૬૬/૨૦૨૩ ના કામે આંક–૫૩ ની આરોપીઓની ઈ.પી.કોડ કલમ–૩૯૪ મુજબના ગુના પુરતી ડિસ્ચાર્જ અરજી નામંજુર કરતો તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે. આ કામના આરોપીઓને ઈ.પી.કોડ કલમ–૩૯૪ પુરતા ડિસ્ચાર્જ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ હુકમની એક નકલ ટ્રાયલ કોર્ટને જાણ તથા અમલ થવા સારૂ મોકલી આપવી.

આ હુકમ આજરોજ તારીખ. **૧૮મી**, માહે–**માર્ચ**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૩/૨૦૨૬.
સ્થળઃ રાજકોટ.

**(અશ્વિનકુમાર કેશવલાલ શાહ)**
GJ00663
છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ.